ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૧૭.૦૬.૨૦૧૭

# નર્મદા સંગ-સમૃધ્ધ ગુજરાત

## નર્મદા યોજનાના સ્વપ્નદ્રષ્ટા શ્રી સરદાર પટેલના સ્વપ્નને પૂર્ણ કરવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ-લાખ અભિનંદન

## નર્મદા ડેમના દરવાજા બંધ થયા અને ગુજરાતના વિકાસના દરવાજા ખુલ્યા અને ગુજરાતના ખેડૂતોનું વર્ષોનું સપનું સાકાર થયું. – શ્રી જીતુભાઇ વાઘાણી

## કોંગ્રેસના પાપે અટકેલ નર્મદા ડેમના દરવાજા બંધ કરવાનું કામ વર્ષોના સંઘર્ષ પછી આજે પૂર્ણ થયું – શ્રી જીતુભાઇ વાઘાણી

------------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આજરોજ નર્મદાના બંધ પર ઉંચાઇ વધારવા મુકવામાં આવેલ દરવાજા બંધ કરવાની કામગીરી અંગે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જાહેરાત કરતાની સાથે જ સમગ્ર ગુજરાત રાજ્યમાં હર્ષ અને ઉલ્લાસની લાગણી પ્રસરી ગઇ હતી અને ગુજરાતની જનતાની વર્ષોની આતુરતાનો સુખદ અંત આવ્યો હતો અને તે પ્રસંગે આજે ૧૨.૩૯ વિજય મુહુર્તમાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જગન્નાથ મંદિર ઘાટ, જમાલપુર, કર્ણાવતી મહાનગર ખાતે નર્મદાના નીરના ફુલહાર તેમજ આરતી કરીને વધામણા કર્યા હતા.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને આજે ગુજરાતના સપૂત, વિકાસ પુરૂષ અને વિશ્વના સૌથી લોકપ્રિય રાજનેતા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પૂર્ણ કર્યું છે. કોંગ્રેસના નેતાઓના નિવેદનોને વખોડતા શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની કોંગ્રેસ સરકારે માત્રને માત્ર તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ગુજરાતની ભાજપા સરકારને નર્મદા યોજનાનો જશ ન મળે તે માટે ૭ વર્ષ સુધી દરવાજા નાખવાના અને ઉંચાઇ વધારવાના કામને રોકી રાખ્યું હતું અને ગુજરાતની ૬.૫ કરોડ જનતાને હળાહળ અન્યાય કરીને ખુબ મોટું પાપ કર્યું હતું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની વર્ષોની અવળચંડાઈને લીધે વિલંબીત નર્મદા ડેમનું કામ આજે પૂર્ણ થતાં ગુજરાતના ખેડુતોના સુવર્ણયુગની શુભ શરૂઆત થઈ છે ત્યારે કોંગ્રેસના નેતાઓ હજુ પણ નર્મદાના વિસ્તારના વિસ્થાપિતો પાસે જઇને ઉગ્ર આંદોલનો થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. વિસ્થાપિતોને ગુજરાતના હિતમાં સમજાવવા જોઇએ. પરંતુ કોંગ્રેસ વિકાસ અને પુણ્યના આ કામોમાં રોડા નાંખીને પાપ કરી રહી છે. આવી કોંગ્રેસને ગુજરાતની જનતા કદીયે માફ નહીં કરે. નર્મદા બંધના દરવાજાની ઉંચાઈની મંજૂરી માટે ત્રણ-ત્રણ દિવસ સુધી ગુજરાતની જનતાએ, પૂ. સાધુ સંત-મહંતોએ તેમજ પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ઉપવાસ કરવા પડ્યા હતા તો પણ કેન્દ્રની કોંગ્રેસ સરકારે મંજૂરી નહોતી આપી. વર્ષોથી નર્મદા ડેમની ઉંચાઈનો પ્રશ્ન હોય, દરવાજાનો પ્રશ્ન હોય, કેનાલ બાબતે હોય કે વિસ્થાપિતોના પ્રશ્નો હોય આ તમામ બાબતે કેન્દ્રની કોંગ્રેસ સરકારે હર હંમેશ આડોડાઈ કરી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

છે. જેમના હૈયે સદૈવ ગુજરાતનું હીત વસ્યું છે એવા ગુજરાતના સપુત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કેન્દ્રમાં સત્તાના સુકાન સંભાળ્યાના માત્ર ૧૭મા દિવસે જ ગુજરાતની ૬.૫ કરોડ જનતાની અડધા સૈકા ઉપરની આતુરતાનો અંત આણતા નર્મદા બંધ પર દરવાજા મુકવાનો નિર્ણય લીધો હતો. કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકારોની નર્મદા યોજના પૂર્ણ કરવાની મક્કમતા અને પ્રતિબદ્ધતા આ નિર્ણય દ્વારા પ્રતિબિંબિત થઈ છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે આજનો આ ઐતિહાસિક, ગૌરવપૂર્ણ અને સુવર્ણ દિવસ એ અનેક સંઘર્ષોનું પરિણામ છે. આ પ્રસંગે શ્રી વાઘાણીએ નર્મદા યોજનાના હિત માટે સંઘર્ષરત સૌ સામાજીક સંસ્થાઓ, સંતો-મહંતોનો તેમજ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો તેમજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી વાઘાણીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો પણ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ભાજપા શાસીત સરકારો સાથે સંકલન કરીને આ મહત્વપૂર્ણ યોજના પાર પાડવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ગુજરાત રાજ્યની લગભગ ૧૮,૪૫,૦૦૦ હેકટર જમીનને સિંચાઇનો સીધો લાભ થવાનો છે. સળંગ બારેય માસ ૧,૪૦૦ મેગાવૉટ જેટલી વિજળીનો લાભ મળશે. ગુજરાતના ખેડૂતો હવે બારે માસ પાણીનો ઉપયોગ કરી એક કરતા વધારે પાક લણી શકશે જેથી ખેડૂતો વધુ સમૃધ્ધ બનશે અને વરસાદ પર નિર્ભર નહીં રહેવું પડે. સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના થકી ગુજરાતના ખેતરે-ખેતરે સિંચાઈનું પાણી તેમજ ઘરે-ઘરે પીવાના પાણી પહોંચાડવાની ક્ષમતામાં વધારો થશે. આ યોજનાની પૂર્ણતા થતા ગુજરાતમાં નવીન હરિત ક્રાંતિ સર્જાવાની છે તેમજ નર્મદા ડેમના દરવાજા બંધ થવાથી પોણા ચાર ગણા જેટલો પાણી વધુ સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો થશે તેમ શ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, નર્મદાના નીરની આ ઐતિહાસિક ઘટનાને આવકારવા માટે ગુજરાતની જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળે છે ત્યારે આગામી દિવસોમાં ભાજપા સંગઠન દ્વારા તેમજ અને સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ તેમજ પૂજ્ય સંતો મહંતો દ્વારા મા નર્મદાના નીરના વધામણાના કાર્યક્રમો કરવામાં આવનાર છે ત્યારે આ શુભ ઘડીએ મા નર્મદાને કોટી કોટી વંદન.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ